**સ્વચ્છ સુરત** | **સુંદર સુરત** | **હરિયાળું સુરત**

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના નં.૧૯(કતારગામ)ને મુસદો પ્રસિદ્ધ કરવા બાબત

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (ડ્રાફ્ટ સ્કીમ) સ્કીમનો મુસદો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મોજે કતારગામનો રેવન્યુ વિસ્તાર અને તાપી નદી.
દક્ષિણે : કતારગામ ગામતળ તથા ટી.પી. સ્કીમ નં.૩ (કતારગામ)
પૂર્વે : કતારગામ જી.આઇ.ડી.સી. તથા લાગુ પાળા યોજના.
પશ્ચિમે : મોજે કતારગામનો રેવન્યુ વિસ્તાર

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવાં માટે સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્ય પત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિદ્ધિ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતાં કોઇપણ શખ્સ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પી.આર.ઓ./૧૧૭/૯૮-૯૯
તા.૨૭-૫-૯૮

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.